# કાવ્ય – ૨. હિંદમાતાને સંબોધન

## પ્રોજેક્ટનું નામ – ગુજરાતની ભાષા,લોકજીવન,નૃત્ય,કળા,પોશાક તેમજ ઉજવાતા તહેવારો વિશે માહિતી મેળવી પ્રોજેક્ટ તૈયાર કરો.

### સંકલન – પુરણ ગોંડલિયા

સંસ્કૃતિથી સમૃદ્ધ ગુજરાત વૈભવશાળી પ્રદેશ છે. ગુજરાત રાજ્ય તેના ભવ્ય વારસા, ઉચ્ચતમ જીવનશૈલી અને સમૃદ્ધ પરંપરા દ્વારા હડપ્પન સંસ્કૃતિના ઈતિહાસ વારસો ધરાવે છે. રાજ્યમાં બહુવિધ ધર્મો, જેમાં હિન્દુ, ઈસ્લામ, જૈન, બુદ્ધ પ્રચલિત છે. ગુજરાતની સંસ્કૃતિ તેની કળા, આદર–આતિથ્ય શૈલી, પરંપરા, સમાજ, ખૂબીઓ ભાલા–બોલી અને તકનિકી મૂલ્યો દ્વારા મૂઠી ઉંચેરું બન્યું છે.ગુજરાત ભારતના પશ્ચિમ કિનારે આવેલું છે. જેનો ઉત્તર સીમા પાકિસ્તાન અને રાજસ્થાન સાથે પૂર્વ સીમા મધ્યપ્રદેશ સાથે, દક્ષિણ સીમા મહારાષ્ટ્ર, કેન્દ્રશાસિત પ્રદેશ દિવ, દમન, દાદરા અને નગર હવેલી અને પૂર્વ અને દક્ષિણ સીમા અરબી મહાસાગર સાથે જોડાયેલી છે.

ગુજરાત રાજ્યનું નામ ગુજરાત ગુજ્જર, પરથી પડેલ છે. જેમણે ઈ.સ. ૭૦૦ અને ઈ.સ. ૮૦૦ દરમિયાન અહીં રાજ કર્યું હતું.

- **ભાષા**

  સ્થાનિય પ્રજા ગુજરાતી ભાષા દ્વારા લોક વ્યવહાર કરે છે. "*ગુજરાતની*" માતૃભાષા ગુજરાતી છે. વિશ્વમમાં જ્યાં જ્યાં ગુજરાતી વસ્યો છે તેં ગુજરાતની ભાષા બોલે છે. પ્રાદેશિક બોલીમાં ગુજરાતમાં ચરોતરી, કાઠીયાવાડી, કચ્છી, સૂરતી અને ઉ. ગુજરાતની બોલી બોલાય છે ઉપરાંત ગુજરાતમાં ઘણા વિસ્તારોમાં મરાઠી, સિંધી, પંજાબી વગેરે ભાષા–બોલી બોલાય છે.

- **પહેરવેશ – પોશાક**

  રાજ્યમાં શહેરી અને ગ્રામીણ પ્રજા તેની રહેણી–કરણી અને રીત–રિવાજો અને પહેરવેશમાં સામ્યપણું જોવા મળે છે. સામાન્યપત્રો પુરુષ પેન્ટ અને શર્ટ અથવા ટી–શર્ટ પહેરે છે અને રાજ્યની યુવા પેઢીમાં પશ્ચિમી અસર નીચે આવી હોવાથી સ્કર્ટ, ડ્રેસ, જીન્સ વગેરે પહેરે છે. ગૃહીણીઓ સામાન્ય રીતે સાડી અથવા

સલવાર કમિઝ પહેરે છે. ગ્રામીણ ક્ષેત્રોમાં પુરુષો ધોતી–ઝભ્ભો, બંડી અને ટોપી પહેરે છે. સ્ત્રીઓ મહદઅંશે ચણિયા–ચોરી અને પુરુષો કેડિયું–ધોતી ઉત્સવ – તહેવારના પ્રસંગોમાં પહેરે છે.

- **ભોજન**

મોટા ભાગના ગુજરાતીઓ શાકાહારી છે. પરંપરાગત 'ગુજરાતી થાળી' તરીકે ઓળખાતા ભોજનમાં દાળ, ભાત, રોટલી અને શાકભાજી, ફરસાણ, મીઠાઇ હોય છે. આ સવારનું ખાણું હોય છે. જ્યારે સાંજની વેળાનું વાળું ભાખરી–શાક, અથવા ખીચડી–કઢી મુખ્ય હોય છે. આ ઉપરાંત સામાન્યપણે ચટણી, અથાણાં, કચૂંબર, પાપડ, દૂધ–ઘી, છાસ તે અહીંના રોજીંદા ખોરાકમાં લેવાતા હોય છે. રોજીંદા ભોજન ઉપરાંત ગુજરાતની ગૃહિણીઓ અન્ય વાનગીઓ બનાવવામાં ઉત્સાહી હોય છે. તેમના રસોડામાં અનેકવિધ અથાણા અને અન્ય પ્રદેશો જેવા કે દક્ષિણ ભારતની ભોજન–થાળ, કોન્ટિનેન્ટલ અને ચાઇનીઝ ભોજન બનાવવાનું શીખી ગઇ છે અને તે બનાવે પણ છે.

- **ઘર : રહેઠાણ**

શહેરી જનોમાં તેમની જીવનશૈલી વૈભવી બની છે. હવા ઉજાશની મોકળાશ, રાચ–રચીલાથી સમૃદ્ધ દરેક ખંડો, ગ્લેઇઝ ટાઇલ્સ અને આરસપહાણથી સુશોભિત દિવાનખંડ સાથે ગુજરાતીઓ મકાન અથવા ફ્લેટમાં રહે છે. ગ્રામીણ જનોના રહેઠાણોમાં વિકાસ થયો છે. છતાં પણ આજે પણ તેમમના રહેઠાણોમમાં પરંપરાગત લાકડા અને ભાતિગળ શૈલીના મકાન–વસાહત જોવા મળે છે. લાકડામાં નકશીકામવાળા ઘરો ગુજરાતની આગવી ઓળખ છે. તે ઉપરાંત માનવ વસાહત સાથે પક્ષીઓને ચણ નાખવા માટેના કલાત્મક બનાવેલા ચબૂતરા ગુજરાતની આગવી ઓળખ છે.

- **કાર્યશૈલી**

મોટા ભાગના ગુજરાતીઓ વ્યવસાય અને ધંધા સાથેની પ્રવૃત્તિઓમાં જોતરાયેલાં છે. ગુજરાત ઔદ્યોગિક કામકાજોમાં અગ્રેસર રહેતું રાજ્ય છે અને રાજ્યની કાપડ ઉદ્યોગનું શહેર અને આર્થિક રાજધાની અમદાવાદ ભારતમાં સાતમું સ્થાન ધરાવે છે. વિશ્વસ્તરે હવાઇ માર્ગથી જોડાયેલા ગુજરાતમાં અન્ય રાજ્યો સાથેની હવાઈજોડાણ સુવિધાઓ વધ્યું છે. અહીં ધંધા–વ્યવસાયીક તકો ઘણી છે. જે વાયબ્રન્ટ ગુજરાતમાં વિવિધ ક્ષેત્રો દ્વારા જોઇ શકાય છે.

## • શ્રદ્ધા અને આસ્થા :

ગુજરાતમાં બહુવિધ ધર્મ અને સંપ્રદાયો જવા મળે છે. અહીં શ્રદ્ધા અને આસ્થાના મૂળ તેમના ધર્મ અને સંપ્રદાય મુજ દ્રઢ બનેલા છે. મુખ્ય ધર્મોમાં હિન્દુ, જૈન અને બૌદ્ધ છે. સંપ્રદાયોમાં બોહરા, અને મોરસલામ ગરાસિયા, જે કચ્છમાં પ્રચલિત છે. જેઓ ઈસ્લામમાંથી પરિવર્તીત થયેલા. તેઓની જીવનશૈલી ભાતીગળ ગુજરાતી રહી છે. સુન્ની મુસ્લિમ તેમાનાં બીજા મોટા સમૂહ તરીકે આવે છે. જૈન, ઈરાનના પારસી, દક્ષિણ ગુજરાતમાંથી આવેલા અને ખ્રિસ્તીઓ છે. ગુજરાતની પ્રજા ઈશ્વરી સત્તાને સ્વીકારનારી, સહિષ્ણુ અને સ્વભાવે ઉદાર છે. તેઓ સર્વધર્મને સ્વીકારી પર સન્માન, આત્મગૌરવ અને ઠોસ વિશ્વાસની આસ્થા સાથે જીવન જીવે છે. ગુજરાતીઓ દરેક ધર્મના તહેવારો, ઉત્સવો સાથે મળી ઉજવે છે.

## • કળા :

કળા અને સૌંદર્યમાં રૂચિ ધરાવતા ગુજરાતમાં ઉતસવોની ઉજવણી સાથે તેની કળાનું પ્રદર્શન માણવાનો અવસર અનેરો બને છે. ગુજરાતમાં તેની કળા કારીગરીની અનેરી છાપ ચિત્રો, શિલ્પકૃતિઓ અને અન્ય કળાઓમાં જોવા મળે છે. કળા ગુજરાતની સમજ અને જીવનશૈલીને ઉજાગર કરે છે. વણાટ, છાપકામ, કોતરણી, કાચકામ જેવી કળામાં ગુજરાતે તેની આગવી ઓળખ અને અવર્ણનીય છાપ ઊભી કરી છે. પરંપરાગત અને ભાતીગળ પહેરવેશ અને રહેણીકરણીમાં કળા અને કૌશલ્યની આગવી શૈલી ગુજરાતમાં જોવા મળે છે. જેનો અનુભવ અવિસ્મરણીય છે.

ભવ્ય કળા અને કારીગરીનો વારસો ગુજરાતને મળેલો છે. સાંપ્રત સમયમાં તેના નાવીન્યપૂર્ણ સ્વરૂપો જોવા મળે છે. ભરતગૂંથણ કળા, વાંસ–લાકડાકામ, પથ્થરકામ અને ઘરેણાં કામમાં આગવી ભારતની કલા કારીગરી ગુજરાતે ઊભી કરી છે. આમ ગુજરાતની કલા–કારીગરીનું કેન્દ્ર બની ઊભરી આવ્યું છે. રંગ–રસાયણ, કાચપરનું કલરકામ, કલમકારી જેવા ગ્રામિણ કલા કારીગરી બહુવિધ રંગો અને સૌંદર્યની ચરમસીમાનો અનુભવ કરાવે છે. રાજ્યમાં કળા કારીગરો બેનમૂન જમાવડો છે અને નવી પેઢીમાં કળા–કૌશલને ઓળખનાર, તેઓમાં રસ લેનાર અને તેને સંવર્ધિત કરનાર પણ છે. વિશ્વફલક પર પોતાની કળાનો કસબ બનાવનારા ગુજરાતીઓ રાજ્યભરમાં તેમના કૌવતથી ચિરપરિચિત છે. રાજ્ય સરકાર અકાદમીના માધ્યમ દ્વારા વિવિધ કળામાં

નિપૂણ અને આગવી શૈલી ધરાવનાર કળાકારોની કૃતિઓનું પ્રદર્શન, મેળવડા કરવામાં જૂથમાં પ્રદર્શન યોજાય તેવા પ્રયત્નો કરે છે.

- **નૃત્ય અને સંગીત :-**

ગુજરાત તેના પારંપરિક સંગીત અને નૃત્ય માટે ખાસ્સું જાણીતું છે. ગરબા, ગરબી, રાસ જેવા નૃત્ય અને સંગીત ગુજરાતની ઓળખાણ છે અને જે પ્રવાસીઓને આકર્ષે છે. રાસ અને ગરબા ભગવાન કૃષ્ણની પરંપરાના પ્રતીક છે. જે ગોકુલમાં વાંસળી વગાડતા અને તેની ચારેબાજુ ગોપીઓ નૃત્ય કરતી હતી.

ગુજરાતના ગીતા, સંગીત અને તેના પ્રકારોમાં ખાસી વિવિધતા અને સર્જનાત્મકતા જોવા મળે છે.

જુદા – જુદા ભક્તિ ગીતો વૈષ્ણવ સંપ્રદાયના ગુજરાતમાં ખાસ્સાં પ્રખ્યાત છે. ચારણ અને ગઢવી સમાજના ગીતો પણ ગુજરાતમાં પ્રખ્યાત છે. જે ગુજરાતની સંસ્કૃતિ અને પરંપરાની ઓળખાણ કરાવે છે.

ગુજરાતમાં લગ્ન ગીતો, જન્મગીતો, મરણગીતો, ઉત્સવના ગીતો વગેરે પ્રકારના ગીતો ગવાય છે.

ગુજરાત પાસે પોતાનું વાદ્ય છે અને તેના દ્વારા ગુજરાત પોતાની ઓળખાણ ઊભી કરે છે. તુરી, બુંગલ, પાવા અને જેવા બીજા હવાના વાદ્યો ગુજરાતમાં આવેલ છે. વળી રવન હાથો, એકતારો, જંતર જેવા તારના વાદ્યો તથા મંજીરા અને તબલા પણ ગુજરાતના વાદ્યો છે. ટોડી, બીલાવલ (વેરાવળ), સોરઠી (સોરઠ), ખંભાવતી (ખંભાત કૅમ્બે), આહીરી અને લાટી વગેરે જુદા જુદા રાગે ગુજરાતમાં લોકગીતો ગવાય છે. જે ભારતીય પરંપરામાં ગુજરાતની ઓળખાણ ઊભી કરે છે.

- **તહેવારો** –

વિશ્વફલક પર આપણા ઉત્સવો અને તહેવારોએ ગુજરાતની ઓળખ ઊભી કરી**.**

ગુજરાતના ઉત્સવો અને તહેવારો ઘણા લોકપ્રિય બન્યા જેમાં તમામ ધર્મો, વ્યવસાયીક સ્પર્શ અભિગમ અને આનંદ–પ્રમોદ સામે ઉજવણી મેળાઓ અને પ્રવાસન પ્રવૃત્તિઓમાં પણ જોવા મળે છે.

ગુજરાતમાં તહેવારો સામાજિક – સાંસ્કૃતિક – ધાર્મિક ના ત્રિવેણી સંગમે ઉજવાય છે, જેમાં રાજ્યની પ્રજાને આર્થિક દ્રષ્ટિએ પણ પ્રોત્સાહક બળ પુરૂં પાડે છે. વાયબ્રન્ટ ગુજરાત પતંગ મહોત્સવે ધાર્મિક રીત–રિવાજોની ઉજવણી સાથે આર્થિક પાસાને મજબૂત બનાવી સિમાચિહ્ન સ્થાપી આપ્યું છે. તહેવારો અને મેળાઓ થકી રાજ્યમાં એકતા, અસ્મિતાની સ્વયંશિસ્ત અને સદાચાર અને પ્રજાએ એકે કર્યો. સાથે સાથે ચેતનવંતા ઉત્સવોને માણતા થયા.

- **ગુજરાતમાં ઉજવાતા મુખ્ય ઉત્સવો – તહેવારો**

**નવરાત્રિ,દિપાવલિ,પતંગ ઉત્સવ્,શવરાત્રિ,ધુળેટી,જન્માષ્ટમી,ગણૅશોત્સવ ,મહોરમ વગેૈરે**

વર્ષ દરમિયાન ગુજરાતની પ્રજા ૩૫૦૦ થી વધુ મેળાઓ અને ઉત્સવોની ઉજવણી કરે છે. પરંપરાગત વર્ણોની સંસ્કૃતિ અને રીતરિવાજો સાથે ઉજવાતા ઉત્સવો અને તહેવારો ધર્મ, સંસ્કૃતિ અને રીતરિવાજોને જીવંત રાખે છે.

‘ઉત્સવોની ભૂમિ’ તરીકે ઓળખાતું ગુજરાત તેની પરંપરાગત મૂલ્યોને જીવંત રાખી બદલાતી મોસમને જોડતા સમયમાં ગરબે ઘૂમતા, ગુજરાતમાં નવરાત્રી ઉત્સવનો આનંદ માણતા, ખેતરોમાં અનાજરૂપી સોનાની લાગણીના સમયે સમગ્ર ભારતમાં મોટા પાયે ઉજવાતો અને ઉત્સવ તેની ઉચ્ચતમ ધાર્મિક પરંપરાને ગુજરાત ઉજાગર કરે છે.